Shrimad Rajchandra Mission
Dharampur

## ભારતનાં મહાન સંત અને મહાત્મા ગાંધીનાં આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીનાં સન્માનમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્મૃતિ સિક્કાઓ અને સ્ટેમ્પનું લોકાર્પણ થયું

### શ્રીમદ્ રાજચંદ્રજીની 150મી જન્મજયંતિનાં પાવન પ્રસંગે સાબરમતી આશ્રમમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરનાં સ્થાપક પૂજ્ય ગુરુદેવ શ્રી રાકેશભાઈ, ગુજરાતનાં માનનીય રાજ્યપાલ શ્રી ઓમ પ્રકાશ કોહલી, ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી તથા ઉચ્ચ સરકારી અધિકારીઓ અને મહાનુભાવોની હાજરીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે લોકાર્પણ થયું

**For Immediate Release** **Ahmedabad, Thursday, June 29, 2017**

૨૦૧૭નું વર્ષ મહાન ભારતીય સંત અને આધ્યાત્મિક જ્યોતિર્ધર શ્રીમદ્ રાજચંદ્રજી (૧૮૬૭–૧૯૦૧)નું ૧૫૦મી પાવન જન્મજયંતીનું વર્ષ છે. ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક એવા શ્રીમદ્ રાજચંદ્રજીનો તેમના પર અત્યંત ગહન પ્રભાવ હતો અને તેમનું ચારિત્ર ઘડવામાં શ્રીમદ્જીનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે.

*"જેમ જેમ હું તેમના જીવન અને રચનાઓ વિષે વિચારું છું તેમ તેમ મને લાગે છે કે તેઓ તો કાળના સર્વશ્રેષ્ઠ ભારતીય પુરુષ હતા."*
- મહાત્મા ગાંધીજી, ૨૬ એપ્રિલ, ૧૯૦૯ એચ. એસ. એલ પોલોક પરના એક પત્રમાં

*"મારી અધ્યાત્મભીડમાં શ્રીમદ્જી જ મારું આશ્રયસ્થાન બની રહ્યા."*
- મહાત્મા ગાંધીજી - સત્યના પ્રયોગો (પ્રકરણ – રાયચંદભાઈ)

સરકારી અધિકારીઓ, વિશેષ અતિથિઓ, આમંત્રિતો અને વિવિધ સંસ્થાઓનાં વડાઓની ઉપસ્થિતિમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મહાત્માનાં મહાત્મા, મહાત્મા ગાંધીનાં આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીને ભવ્ય શ્રદ્ધાંજલિ આપતાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા દોઢસો રૂપિયા અને દસ રૂપિયાનાં બે સ્મૃતિ સિક્કાં તથા પોસ્ટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ ફર્સ્ટ ડે કવર, ફર્સ્ટ ડે કેન્સલ્ડ કવર અને સ્પેશ્યલ પાંચ રૂપિયાની પોસ્ટેજ સ્ટેમ્પનું લોકાર્પણ કર્યું હતું.

શ્રીમદ્જીનાં ચિત્ર સાથે આ સ્મૃતિ સિક્કા પર 'Shrimad Rajchandra' (શ્રીમદ્ રાજચંદ્રજી) ,'150th Birth Anniversary' (દોઢસોમી જન્મજયંતિ) તથા વર્ષ '1867' અને '1901' અંકિત થયેલા છે. દસ રૂપિયાનાં સિક્કાં અને સ્ટેમ્પનો ઉપયોગ સમગ્ર દેશમાં સામાન્ય વ્યવહારોમાં થશે, ત્યારે દોઢસો રૂપિયાનો સિક્કો સામાન્ય જનતા માટે સ્મૃતિ ચિહ્ન બની રહેશે. આ સંબંધમાં સત્તાવાર ગેઝેટ નોટિફિકેશન નવી દિલ્હીમાં 24 જૂનનાં રોજ બહાર પડ્યું હતું.

આ યાદગાર કાર્યક્રમમમાં શ્રીમદ્ રાજચંદ્રજીનાં મૂલ્યો અને વારસાનું જતન કરતી વિવિધ સંસ્થાઓનાં સભ્યો પણ ઉપસ્થિત હતાં. આ સંસ્થાઓમાં શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર – કોબા, શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ અને વિહાર ભવન ટ્રસ્ટ – અમદાવાદ, વડવા અને ઇડર, શ્રી રાજ સૌભાગ આશ્રમ – સાયલા, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ સાધના કેન્દ્ર – કુકમા, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – પાટણ વગેરેનાં સભ્યો સામેલ હતા.

આ ઉજવણીઓનો જયઘોષ ચાલુ વર્ષે લાલ કિલ્લા પરથી ભારતના ૭૦મા સ્વાતંત્ર્યદિનના ભાષણમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ શ્રીમદ્ રાજચંદ્રજીને ભાવપૂર્ણ આદરાંજલિ આપી કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, *"આજે દેશ મહાત્મા ગાંધીજીના ગુરૂ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યો છે. શ્રીમદ્જીએ ગાંધીજીને લખેલા પત્રોમાંના એકમાં તેઓશ્રીએ લખ્યું હતું કે … જ્યારથી હિંસાનું અસ્તિત્વ રહ્યું છે ત્યારથી જ અહિંસાનો સિદ્ધાંત પણ અસ્તિત્વ ધરાવે છે. આપણે આ બેમાંથી કોને મહત્વ આપીએ છીએ અથવા આમાંથી કોનો ઉપયોગ માનવહિતમાં થઈ રહ્યો છે એ વાત મહત્વની છે."*

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (SRMD)નો ઉદ્દેશ શ્રીમદ્ રાજચંદ્રજીનાં મૂલ્યોનો પ્રચાર-પ્રસાર કરીને જીવનનાં તમામ પ્રકારનાં ક્ષેત્રો સાથે સંકળાયેલા મહત્તમ લોકોનાં જીવનનો આધ્યાત્મિક વિકાસ કરવાનો અને તેમનાં જીવનમાં સાચી ખુશીઓને દીપ પ્રકટાવવાનો છે.

શ્રીમદ્જીનો ગાંધીજી પરનો ગહન પ્રભાવ વર્ણવતા એસઆરએમડીના પ્રમુખ શ્રી અભયભાઈ જસાણીએ કહ્યું હતું કે, *"ગાંધીજી ઇંગ્લેન્ડથી ૧૮૯૧માં બૅરિસ્ટર થઈ પાછા આવ્યા ત્યારે તેમની શ્રીમદ્જી સાથે પહેલી મુલાકાત થઈ. શ્રીમદ્જીની આંતરિક નિર્મળતા, આધ્યાત્મિક ઊંડાણ, તેજસ્વી બુદ્ધિમત્તા, શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ તથા નૈતિકતાનો તેમના પર ઊંડો પ્રભાવ પડ્યો."*

*"ત્યાર પછીના બે વર્ષમાં જ્યારે ગાંધીજી મુંબઈમાં હતા, ત્યારે આ સંબંધો અન્યોન્યપણે ગાઢ બનતા ગયા. દક્ષિણ આફ્રિકા ગયા પછી પણ પત્રવ્યવહાર દ્વારા તેઓનો સંપર્ક સજીવંત રહ્યો હતો. શ્રીમદ્જીના ગહન વિચારોએ ગાંધીજીમાં આધ્યાત્મિક સમજણ માટે જિજ્ઞાસા પ્રગટાવી. તેમનું ચારિત્ર ઘડવામાં શ્રીમદ્જીનું યોગદાન મહત્ત્વપૂર્ણ છે. તેઓશ્રી પાસેથી અખૂટ પ્રેરણા લઈ ગાંધીજીએ દયા, ધર્મ, સત્ય, અહિંસા અને બ્રહ્મચર્ય વગેરે મૂલ્યો અપનાવ્યાં હતાં જે પાછળથી ગાંધીવાદના પાયાના સિદ્ધાંતો બન્યા હતા,"* એમ અભય જસાણીએ જણાવ્યું હતું.

શ્રીમદ્ રાજચંદ્રજી એટલે અધ્યાત્મની અખંડ અને પ્રચંડ સાધનાનું મૂર્તિમંત સ્વરૂપ. શુદ્ધ જ્ઞાન, નિષ્કામ ભક્તિ અને પ્રબળ વૈરાગ્યનો સુંદર સમન્વય ધરાવનાર શ્રીમદ્જીને ૨૩ વર્ષની વયે શુદ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ હતી. તેમનો અમૃતમય બોધ `શ્રીમદ્ રાજચંદ્ર' નામના એક અમૂલ્ય ગ્રંથરૂપે પ્રસિદ્ધ થયેલ છે, જે આજે પણ સત્સાધકોની જ્ઞાનપિપાસા બુઝાવે છે. વિશ્વભરમાં શ્રીમદ્જીને સમર્પિત આશ્રમો, મંદિરો અને સંસ્થાઓ દ્વારા લાખો ભક્તો તેમનાં વચનામૃતથી લાભાન્વત થઈ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ સાધી રહ્યા છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ એક આધ્યાત્મિક દ્રષ્ટા અને આધુનિક સંત છે. પૂજ્ય ગુરુદેવશ્રી બોધપ્રેરક પ્રવચનો તથા ધ્યાન શિબિરો દ્વારા વિશ્વભરના હજારો જીવોને સ્પર્શી પોતાનો આત્મવિકાસ સાધવા તરફ વાળે છે. તેઓશ્રીની નિષ્કારણ કરુણા આંતરિક ઉત્થાન અને સામાજિક વિકાસના કાર્યો દ્વારા કેટલાય જરૂરિયાતમંદ લોકોને શાતા અને સેવા પહોંચાડી રહ્યા છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની આ ૧૫૦મી જન્મજયંતી વર્ષ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરે (SRMD) આખું વર્ષ વિવિધ પ્રકારની ઉજવણીઓનું આયોજન કર્યું છે, જેમાં ભારત અને સમગ્ર દુનિયામાં કેટલીક પહેલો હાથ ધરવામાં આવી છેઃ

તેમાં એક પહેલ મહાત્મા ગાંધીજી તથા શ્રીમદ્ રાજચંદ્રજીના આધ્યાત્મિક સંબંધોની હૃદયસ્પર્શી કથા એવા એક પ્રેરણાદાયક નાટક "યુગપુરુષ- મહાત્માના મહાત્મા'નું નિર્માણ છે, જેણે ભારતીય નાટ્યજગતનાં ઇતિહાસમાં સફળતાનાં નવા માપદંડો

સ્થાપિત કર્યા છે અને વિવિધ એવોર્ડ મેળવ્યાં છે. સફળતાનાં નવા શિખરો સર કરનાર આ નાટકે દુનિયાનાં 220 શહેરોમાં 225 દિવસમાં 630 શો પૂર્ણ કર્યા છે. આ રીતે આ નાટકને અત્યાર સુધી 4,30,000 દર્શકોએ નિહાળ્યું છે. અત્યારે આ નાટકનું મંચન પાંચ પ્રાદેશિક ભાષાઓ – ગુજરાતી, હિંદી, કન્નડ, મરાઠી અને બંગાળીમાં થાય છે તથા અંગ્રેજી અને તમિલ એમ બે ભાષાઓમાં નાટક તૈયાર થઈ રહ્યું છે.

અન્ય પહેલોમાં સામેલ છે

- દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આર્થિક રીતે પાછળ એવા ગ્રામ્યજનો માટે અદ્યતન સાધનોથી સજ્જ, મલ્ટી સ્પેશિયાલિટી ૨૦૦ બેડની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પટલનું નિર્માણ. વલસાડ જિલ્લા જેવા પછાત આદિવાસી વિસ્તાર, કે જ્યાંની પ્રજા ગરીબ, અશિક્ષિત, કુપોષિત છે, તેમજ આરોગ્યની મૂળભૂત જરૂરિયાત તરફ અજાગૃત છે. ત્યાં સ્વાસ્થ્યને લગતી અનેક સમસ્યાઓ સર્જાઈ છે, જેનું આ હોસ્પિટલ દ્વારા નિરાકરણ કરવામાં આવશે.
- શ્રીમદ્ રાજચંદ્ર શિક્ષણોપયોગી સાધનોનું વિતરણ - આ અભિયાન દ્વારા ગુજરાતના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે શિક્ષણોપયોગી સાધનો જેમ કે સ્કુલ બેગ, રાઈટિંગ પેડ, નોટબુકો, કંપાસ બોક્સ આદિનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે જેનાથી ૧.૨ લાખથી વધુ પરિવારો લાભાન્વિત થયા છે.
- શ્રીમદ્ રાજચંદ્રજીની 34 ફીટ ઊંચી કાંસ્ય પ્રતિમાની સ્થાપના, જે દુનિયામાં શ્રીમદ્ રાજચંદ્રજીની સૌથી મોટી પ્રતિમા છે.
- શ્રીમદ્ રાજચંદ્રજીની સ્મૃતિમાં માર્ગો અને ચોકનું નામકરણ.
- શ્રીમદ્ રાજચંદ્રજીના જીવન, કવન અને સંદેશ પર આધારિત પ્રેરણાદાયી અને વિચારોને એક નવી જ દિશા આપતા હરતાફરતા પ્રદર્શનનું આયોજન.

**<u>શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર વિશે:</u>**

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (SRMD) એક વૈશ્વિક યજ્ઞ છે, જે આધ્યાત્મિક વિકાસ દ્વારા જીવન અને સમાજના ઉત્કર્ષનો પ્રયાસ કરે છે. મુખ્ય મથક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર દ્વારા સુયોજિત છે. વિશ્વભરમાં ફેલાયેલા 102 સત્સંગ કેન્દ્ર, 39 યૂથ ગ્રુપ અને 227 ડિવાઇન ટચ સેન્ટર. ડિવાઇન ટચ સેન્ટર ભારત, ઉત્તર અમેરિકા, યુરોપ, આફ્રિકા, એશિયા તથા ઓસ્ટ્રેલિયામાં બાળકોને મૂલ્ય આધારિત શિક્ષણ પ્રદાન કરે છે. **SRMD** તેના મિશન સ્ટેટમેન્ટ: પોતાનું સત્ય સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરો દ્વારા વિશ્વમાં માનવધર્મનો પ્રચાર અને અધ્યાત્મવિકાસની સાધનાનો પ્રસાર કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર (SRLC) એ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરની સામાજિક પહેલ છે, જે સમાજનાં વંચિત વર્ગોની સેવા કરે છે અને તેમનાં જીવનમાં ખુશીઓ લાવે છે. શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા પ્રેરિત અને પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈનાં માર્ગદર્શન તળે એસઆરએલસીની સંપૂર્ણ, સર્વાંગી, બહુસ્તરીય સામુદાયિક સેવા અને વિકાસલક્ષી કાર્યક્રમોને પ્રેમ, કરુણા અને અતિ ઉત્સાહી સ્વયંસેવકોનું પ્રેરકબળ સાંપડ્યું છે. એસઆરએલસી માનવજાત, પશુઓ, પ્રાણીઓ અને પર્યાવરણનાં કલ્યાણ માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત, સેવાભાવી અને સ્થાયી પહેલો પ્રદાન કરવા સતત પ્રયાસરત છે. એસઆરએલસીએ પોતાની 50 સેવાભાવી સંપૂર્ણ અને સર્વાંગી પહેલો સાથે દુનિયાનાં 50 શહેરોમાં 2.3 મિલિયન લોકોનાં જીવનમાં ખુશીઓનો દીપ પ્રકટાવ્યો છે.

---

For further information please contact Alpa Gandhi at:
Mobile: +91 93222 41513
Email: publicrelations@shrimadrajchandramission.org